
અલાદીનનો જાદુઈ ચિરાગ



અલાદીનનો જાદુઈ ચિરાગ



જાદુઈ કાકા



એક સમયે અલાદીન નામનો એક આળસુ છોકરો હતો. એના પિતાજી એકલા જ કૌટુંબિક વ્યવસાય સંભાળતા હતા. એ ચિંતામાં મરી ગયા. અલાદીનની માઁ બહુ નાસીપાસ થઈ ગયા.

એક દિવસ, અલાદીન હંમેશની જેમ ગરબડ કરી રહ્યો હતો, જ્યારે એક માણસ એની પાસે આવ્યો.

"અલાદીન," એણે કહ્યું, "હું તારો કાકો અબાનઝર છું, તારા પિતાનો લાંબા સમયથી ખોવાયેલો ભાઈ!"



એ સાંજે, નવા કાકાએ પોતાને રાતના ભોજન માટે અલાદીનના ઘરે આમંત્રિત કર્યા.

જ્યારે એણે સાંભળ્યું કે અલાદીન પાસે કોઈ નોકરી નથી, તો એણે અલાદીન માટે એક વિલક્ષણ દુકાન ખરીદી.



એનાથી અલાદીન અને એની માઁ બહુ ખુશ થયા. પણ એને એ વાતનો કોઈ અંદાજ ન હતો કે અબાનઝર હકીકતમાં એક દુષ્ટ જાદુગર હતો.

બીજે દિવસે, અબાનઝર અલાદીનને શહેરની બહાર ફરવા લઈ ગયો.



એનાથી ઘાસમાં બનેલો એક પથ્થરનો દરવાજો દેખાયો. અલાદીનને આશ્ચર્ય થયું. એના કાકાને જાદુ આવડતું હતું!

"આ પથ્થરની નીચે ઘણો ખજાનો છુપાયેલો છે, પણ એમાંથી હું ફક્ત એક જ ચાહું છું," અબાનઝરે કહ્યું. "મને ચિરાગ લાવી દે."



"જો આપણે હવે પહોંચી ગયા," આખરે કાકાએ કહ્યું. એણે આગ સળગાવી, એની ઉપર થોડો પાઉડર નાખ્યો અને થોડા વિચિત્ર મંત્રો બોલ્યો.





કાકાએ કહ્યું, "આ વીંટી તારી પાસે રાખ. એ તારી રક્ષા કરશે," એણે અલાદીનને નીચે ધકેલતા કહ્યું. અલાદીન સોનાથી ભરેલા ચાર ખંડમાં થઈને એક ફળથી લાદેલા ઝાડના બગીચામાં પહોંચ્યો. ત્યાંના ફળ, કાંચના ટૂકડાની જેમ ચમકી રહ્યા હતા.



અલાદીને ચિરાગ શોધ્યો અને એને એના ખિસ્સામાં રાખ્યો, પછી એણે થોડા સુંદર ફળ પણ તોડયા.

"મને ચિરાગ તરત સોંપી દે," અબાનઝરે બૂમ પાડી.

અલાદીને ચિરાગ શોધવામાં ઘણો લાંબો સમય લગાડયો હતો. એટલે અબાનઝરને લાગ્યું કે કદાચ અલાદીને એની સાથે છેતરામણી કરી છે.



એ પહેલા કે અલાદીન કંઈ જવાબ આપે, જોરથી ધબ દઈને અવાજ આવ્યો અને બધે અંધારું થઈ ગયું.

બે જીન



અલાદીન હવે ફસાઈ ગયો હતો. ત્યાં ઠંડી, અંધારું અને બહુ ડરામણું વાતાવરણ હતું. અલાદીને ગરમાવા માટે એના હાથ મસળ્યા.

અચાનક, એક રાક્ષસ જેવો માણસ એની સામે ઉભો થયો.

"હું વિંટીનો જીન છું," એણે કહ્યું. "હું તમારા માટે શું કરી શકું?"



"મને અહીંથી તુરંત બહાર કાઢ!" અલાદીને રાડ પાડી. પળવારમાં જ અલાદીન એના ઘરની બહાર ઘાસ પર હતો.



એ એની માઁ ને બધું જણાવવા ઘરની અંદર ભાગ્યો.

"અબાનઝર મારા કાકા ન હોઈ શકે. એણે જાદુ કર્યા અને મને મારવાની કોશિશ કરી!" એણે ચીસ પાડી.



"ગપાટા મારવાનું બંધ કર," માઁ એ કહ્યું. "અચ્છા, તું શું ખાવાનું ચાહીશ? હું કંઈક ખાવાનું ખરીદવા માટે એ જૂના ચિરાગને વેચીશ."

માઁ એ ચિરાગને ચમકાવવા રગડવાનું શરુ કર્યું. પણ ત્યાં એમાંથી એક વિશાળકાય માણસ તરતો-તરતો બહાર નીકળ્યો.



"શું તમારી પાસે કંઈ ખાવાનું છે?" અલાદીને પૂછ્યું. "હું ભૂખથી અધમુવો થઈ ગયો છું."

પળવારમાં ચાંદીની બે થાળીમાં એની સામે શાહી ભોજન હાજર થઈ ગયું.

ભોજન અને શરાબ એક અઠવાડિયા સુધી ચાલ્યા. જયારે એ પૂરા થયા, તો અલાદીને ચાંદીની થાળીઓ વેચી દીધી.



હવે અલાદીનનું જીવન સરળ થઈ ગયું. જ્યારે અલાદીન અથવા એની માઁ ભોજન ચાહતા, તો એ ચિરાગ રગડીને જીન પાસે ખાવાનું માંગી લેતા.

એક દિવસ, અલાદીન ચાંદીની થાળીઓ વેચવા બજાર ગયો. ત્યારે એને થોડા ચમકતા દાગીના દેખાયા.

"આ તો ગુફામાં કાંચના ફળ હતા એવા જ છે," એણે આશ્ચર્યથી કહ્યું.



એ દોડીને સીધો ઘરે ગયો. જે રત્નો એ ગુફામાંથી લાવ્યો હતો એને સંતાડી દીધા.



સુલ્તાનની દીકરી



એક દિવસ સવારે-સવારે સુલ્તાનનું ફરમાન આવ્યું.

"રાજકુમારી બદ્ર-અલ-બુદુર આજે સાર્વજનિક સ્નાન માટે જશે. એટલે બધા નાગરિક પોત-પોતાના ઘરમાં જ રહે."

અલાદીન આશ્ચર્યચકિત હતો કે આ હોબાળો કેમ છે? અલાદીન સ્નાનગૃહમાં જઈને સંતાઈ ગયો, જેથી એ રાજકુમારીને સ્વયં જોઈ શકે.



જ્યારે રાજકુમારીએ એનો ઘૂંઘટ ઉઠાવ્યો, તો અલાદીન લગભગ બેભાન થઈ ગયો. એ પહેલા એણે કેવળ એક જ મહિલાનો ચહેરો જોયો હતો - એની માઁ નો. રાજકુમારી બદ્ર બહુ જ સુંદર હતી!

પછી આંખોમાં ચમક અને ચહેરા પર સ્મિત સાથે અલાદીન ઘરે પાછો ફર્યો.

"શું થયું?" માઁ એ ઉત્સુકતાથી પૂછ્યું.

"મને સુલ્તાનની દીકરી સાથે પ્રેમ થઈ ગયો છે," એણે કહ્યું.



માઁ ને હસવું આવ્યું, પણ અલાદીન ઘણો ગંભીર હતો.

"જો મેં બદ્ર સાથે લગ્ન ન કર્યા, તો હું મરી જઈશ," એણે કહ્યું.

એણે માઁ ને આજીજી કરી કે એ સુલ્તાન પાસે જઈને સગાઈની વાત કરે.

"સુલ્તાનને ભેટ આપવા માટે આ રત્નો લેતા જાવ," એણે કહ્યું.



"સુલ્તાન ક્યારેય આ સગપણ માટે તૈયાર નહીં થાય!" માઁ એ રડતા-રડતા કહ્યું. પણ માઁ દીકરા માટે ઘણી ચિંતિત હતી, એટલે એણે જે કહ્યું એ એણે કર્યું.

સુલ્તાન એક ભવ્ય મહેલમાં રહેતો હતો. પહેલી વાર તો, સુલ્તાને અલાદીનની માઁ સામે જોયું પણ નહીં. પણ જયારે એ વારે-વારે મહેલમાં આવી, તો આખરે સુલ્તાને એની સાથે વાત કરી.



માઁ એ સુલ્તાનને જણાવ્યું કે એનો દીકરો રાજકુમારી બદ્રને બહુ પ્રેમ કરતો હતો.

"આમ તો અમે તમારી મહાનતાને યોગ્ય નથી," માઁ એ કહ્યું, "પણ આ નાની ભેટ જરૂર સ્વીકારો."



"હમ્મ...બદ્રને એક પતિની જરૂર તો છે..." સુલ્તાને કહ્યું.

"પણ તમે મને કહ્યું હતું કે મારો દીકરો રાજકુમારી સાથે લગ્ન કરી શકે છે," સુલ્તાન પાસે ઉભેલા એક પાતળા માણસે કહ્યું.

એ વ્યક્તિ એક શક્તિશાળી સૂબેદાર અને વજીર હતો. એ સુલ્તાનના કાનમાં કંઈક ગણગણ્યો, અને સુલ્તાન અલાદીનની માઁ તરફ ફર્યા.

"તમારો દીકરો મારી દીકરી સાથે ત્રણ મહિના પછી લગ્ન કરી શકે છે," એણે કહ્યું.



ખોટો પતિ



બે મહિના પછી, અલાદીનની માઁ શહેરમાં હતી. શહેરમાં બધા બાદશાહી લગ્નની વાત કરી રહ્યા હતા.

"રાજકુમારી આજે વજીરના દીકરા સાથે લગ્ન કરશે!" દૂત ઘોષણા કરી રહ્યો હતો.

ખરાબ સમાચાર આપવા અલાદીનની માઁ ઘરે પહોંચ્યા. અલાદીન બહુ અસ્વસ્થ થયો, ત્યાં એને ચિરાગમાં છુપાયેલા જીનની યાદ આવી.

અલાદીને જીનને આદેશ આપ્યો કે એ નવદંપત્તીને જઈને એ રાતે જ હેરાન કરે.



અડધી રાતે, જીન રાજકુમારી બદ્રને અલાદીનના ઘરે લઈ આવ્યો અને એણે વજીરના દીકરાને અંધારામાં, ઠંડા રસ્તા પર છોડી દીધો.



"તું મારી સાથે સુરક્ષિત છે," અલાદીને ધીરેથી કહ્યું.

સવાર થતા પહેલા, જીને રાજકુમારી બદ્ર અને વજીરના દીકરાને એના રૂમમાં પાછા મોકલ્યા.

"શું થયું છે?" બદ્રના માતા-પિતાએ નાસ્તો કરતા પૂછ્યું.



રાજકુમારી બદ્ર ચૂપ રહી. એ સાંજે, વજીરના દીકરાએ એક શાંતિપૂર્ણ રાતની ઊંઘ માટે પ્રાર્થના કરી, પણ અડધી રાતે જીન ફરી આવ્યો...

રસ્તા પર બીજી ઠંડી રાત વિતાવ્યા પછી વજીરના દીકરાથી વધારે સહન ન થયું.

"મને માફ કરજો, સુલ્તાન," એણે કહ્યું, "તમારી દીકરી બહુ સુંદર છે, પણ હું આ ભયાનક ખરાબ સપનાનો હજી વધારે સામનો નહીં કરી શકું."




"ઠીક છે, કદાચ આ લગ્ન થવા જ નહોતા જોતા," સુલ્તાને કહ્યું, અને એણે લગ્ન રદ કર્યા.

અલાદીનના લગ્ન થયા.


થોડા સમય પછી અલાદીનની માઁ સુલ્તાનને મળવા પાછી ગઈ.

"તમારા દીકરાને વધારે રત્નો મોકલવાનું કહો," સુલ્તાને કહ્યું.

"મને ચાલીસ થાળી ભરીને રત્નો જોઈએ," સુલ્તાને કહ્યું, "જેને રેશમી કપડાં પહેરેલા એંસી સેવક મારા મહેલમાં લઈને આવે. તો જ અલાદીન બદ્ર સાથે લગ્ન કરી શકશે."



જીને સહેલાઇથી બધી વ્યવસ્થા કરી દીધી. એક કલાકમાં, એક લાંબો વરઘોડો મહેલ તરફ જઈ રહ્યો હતો.



પણ લગ્ન પહેલા અલાદીન બદ્ર માટે એક સુંદર ઘર ચાહતો હતો. એણે જીનને એના સપનાના મહેલનું વર્ણન કર્યું અને જીને એને રાતોરાત બનાવીને તૈયાર કર્યો.




એ બધું જોઈને સુલ્તાનને એની આંખો પર વિશ્વાસ ન બેઠો.

"તમારા દીકરાને કહો કે એ મારી દીકરી સાથે તુરંત લગ્ન કરી શકે છે!" સુલ્તાને અલાદીનની માઁ ને કહ્યું.

અલાદીન એના સૌથી શ્રેષ્ઠ કપડાં પહેરીને મહેલમાં પહોંચ્યો. લગ્નનો દિવસ સંગીત અને નૃત્યુ સાથે શરુ થયો, અને મિજબાની અને આતશબાજી સાથે પૂરો થયો.

એ જ સાંજે, બદ્ર એના નવા ઘરમાં આવી. એ બહુ ખુશ હતી. અલાદીન એક દેખાવડો છોકરો હતો અને એનો મહેલ દુનિયાનો સૌથી સુંદર મહેલ હતો.



અબાનઝર પાછો આવે છે



રણમાં બહુ દૂર, અબાનઝરને અલાદીનના સારા નસીબના ખબર મળ્યા.

"એ જરૂર જાદુઈ ચિરાગ લઈને ભાગી ગયો હશે," અબાનઝરે ગુસ્સામાં કહ્યું.

અબાનઝર જાદુઈ ચિરાગ મેળવવા માટે અલાદીનના શહેર ગયો.



બદ્રએ મહેલમાંથી એના પોકાર સાંભળ્યા.


"આ તો સારું લાગે છે," બદ્રએ વિચાર્યું.

એને ફેરીવાળાને આપવા માટે એક જૂનો ચિરાગ મળ્યો.

ચિરાગ લઈને અબાનઝર એક શાંત ખૂણામાં ગયો અને એણે ચિરાગને રગડયો.

"હું તમારા માટે શું કરી શકું છું?" જીને પૂછ્યું.

"મને, મહેલને અને રાજકુમારી બદ્રને તુરંત રણની વચ્ચે લઈ આવ," અબાનઝરે કહ્યું.



બીજે દિવસે સવારે જયારે સુલ્તાને એની બારીની બહાર જોયું તો એ લગભગ બેભાન થઈ ગયો.

"મારી દીકરીનો મહેલ ગાયબ છે!"



એને લાગ્યું કે અલાદીને એને છેતર્યો છે. એણે થોડા સૈનિકોને અલાદીનની ધરપકડ કરવા મોકલ્યા.

જયારે અલાદીન શિકાર કરીને પાછો ફર્યો, તો એને ત્યાં સૈનિકોની એક ટૂકડી દેખાણી. એનો મહેલ ગાયબ હતો. એ પણ સુલ્તાનની જેમ જ અચંભિત હતો.

"ચિંતા નહીં કરો, હું તમારી દીકરીને શોધીને જ જંપીશ," એણે સુલ્તાનને વાયદો કર્યો.



અલાદીને નિરાશામાં એના હાથ મસળ્યા અને ત્યાં વીંટીનો જીન પ્રગટ થયો.

"ઓહ! હું તારા વિષે સાવ ભૂલી જ ગયો હતો!" અલાદીને કહ્યું. "મહેરબાની કરીને મારી મદદ કરો."



"હું બદ્રને તમારી પાસે લાવી નથી શકતો," જીને જવાબ આપ્યો, "પણ હું તમને બદ્ર પાસે લઈ જઈ શકું છું."

થોડા સમયમાં અલાદીન બદ્રની બારી નીચે ઉભો હતો.



"ચિંતા નહીં કર," અલાદીને કહ્યું. "મેં એક યોજના બનાવી છે. આજે રાતે તું એ દુષ્ટ માણસ સાથે ભોજન કરવા રાજી થજે. હું છાનોમાનો અંદર આવીશ અને તને એક ઝેરની શીશી આપીશ જે તું એના દારૂમાં નાખી દેજે."

અબાનઝર બદ્રને નિહારવામાં એટલો વ્યસ્ત હતો કે એણે શરાબમાં ભેળવેલું ઝેર જોયું નહીં. એક ઘૂંટડો પી ને એ જમીન પર ઢળી પડયો અને મરી ગયો.



અલાદીને મહેલમાં થી એનો ચિરાગ શોધી લીધો. થોડા સમયમાં અલાદીન અને બદ્ર એના મહેલમાં હતા.



દુષ્ટ ભાઈ



પણ એ હજી પણ સુરક્ષિત ન હતા. અબાનઝરનો એક દુષ્ટ ભાઈ હતો જે એનાથી બદલો લેવા ચાહતો હતો.

ભાઈએ એક પવિત્ર મહિલા ફાતિમાના કપડાં પહેર્યાં. એ અલાદીનના મહેલની બહાર ઉભો રહીને લોકોના રોગ મટાડવાનું નાટક કરવા લાગ્યો.

ફાતિમાને જોઈને બદ્ર બહુ ઉત્સાહિત થઈ અને એણે એને અંદર બોલાવી.



"કેટલો સુંદર દીવાનખંડ છે," નકલી ફાતિમાએ કહ્યું. "પણ જો તમે ગુમ્બજમાંથી એક રોક (દૈવી પક્ષી) નું ઈંડુ લટકાવશો તો એ હજી વધારે સુંદર લાગશે."

રૉક એક વિશાળ પક્ષી હતું જે વિશાળ સફેદ ઈંડા મૂકતું હતું. બદ્રને ફાતિમાનું સૂચન ગમ્યું અને એણે એના વિષે અલાદીનને પૂછ્યું.

"ભલે," અલાદીને કહ્યું, અને એણે ચિરાગના જીનને બોલાવ્યો.



"એ સિવાય કંઈ પણ!" જીને રડતા-રડતા કહ્યું. "જો તમે મારી પાસે રૉકનું ઈંડુ માંગશો તો મારે તમને મારી નાખવા પડશે."

"પણ મને ખબર છે કે આ વિચાર તમારો નથી," જીને આગળ કહ્યું. "ફાતિમા હકીકતમાં અબાનઝરનો ભાઈ છે. એ તમને મારવા ચાહે છે."

અલાદીનને આંચકો લાગ્યો. એણે જલ્દી કંઈક વિચારવું પડશે.



અલાદીને ફાતિમાને એના માથાનો દુઃખાવો મટાડવાનું કહ્યું. જેવો અબાનઝરનો દુષ્ટ ભાઈ અલાદીનની નજીક આવ્યો, અલાદીને એને એના ખંજરથી મારી નાખ્યો.



હવે અલાદીન અને બદ્રને હેરાન કરવાવાળું કોઈ બચ્યું ન હતું. હવે અલાદીન અને બદ્ર સુરક્ષિત હતા.



સમય જતા અલાદીન સુલ્તાન બન્યો અને એની માઁ દાદી બની. એની પાસે એ બધું હતું જેની એ ઈચ્છા કરી શકતા હતા, એટલે એમણે જાદુઈ ચિરાગ અને વીંટીને એક ટેબલના ખાનામાં મૂકી દીધા. કોને ખબર છે ... એ જીન હજી ત્યાં હોઈ શકે છે.

સમાપ્ત